# મમતાને શ્વાસ ફુલવા અને છાતીમાં દુખાવાની ફરિયાદ

## મમતા બેનર્જીના પગમાં ગંભીર ઈજા થઈ : નંદીગ્રામમાં હુમલા બાદ મમતા બેનર્જીને હોસ્પિટલમાં દાખલ કરાયા, ૪૮ કલાક સુધી ઓબ્ઝર્વેશનમાં રખાશે

કોલકાતા,તા.૧૧

પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જી પર નંદીગ્રામમાં ચૂંટણી પ્રચાર દરમિયા કથિત રીતે હુમલો થયો હતો. મળતી માહિતી મુજબ કેટલાક લોકોએ મુખ્યમંત્રી સાથે ધક્કા-મુક્કી કરી, જેના કારણે તેઓ પડી ગયા. મમતા બેનર્જીનો બુધવાર રાત્રે એસએસકેમ હૉસ્પિટલમાં એક્સ-રે પાડવામાં આવ્યો. ડૉક્ટરોના જણાવ્યા મુજબ, મમતા બેનર્જીના જમણા પગમાં સોજો છે અને ગંભીર ઈજા થઈ છે.



તેમને છાતીમાં દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ પણ થઈ રહી છે. મળતી માહિતી મુજબ, મમતા બેનર્જીના ડાબા પગની ઘૂંટીમાં પણ ગંભીર ઈજા થઈ છે. તેની સાથે જ પગ પર ઉઝરડાના નિશાન છે. આ ઉપરાંત જમણા ખભા ઉપર પણ ઈજા થઈ છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે મમતાના કાંડા અને ગરદન ઉપર પણ ઈજા થઈ છે.

એસએસકેએમ હૉસ્પિટલના ડૉક્ટર એમ. બધોપાધ્યએ જણાવ્યું કે મુખ્યમંત્રીને આગામી ૪૮ કલાક સુધો ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે. એક સીનિયર ડૉક્ટરે જણાવ્યું કે, મુખ્યમંત્રીને આ પરિસરના બાંગુર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સમાં એમઆરઆઈ માટે લઈ જવામાં આવ્યા. મમતા બેનર્જીનો ઉપચાર કરી રહેલી મેડિકલ ટીમ સાથે જોડાયેલા આ ડૉક્ટરે જણાવ્યું કે, મુખ્યમંત્રીના ડાબા પગનો એક્સ-રે પાડવામાં આવ્યો. અમે એમઆરઆઈ પણ કરાવવા માંગતા હતા. તેમની ઈજાનું આકલન કર્યા બાદ સારવારની આગળની પ્રક્રિયા નક્કી કરવામાં આવશે.

# ભારતે કેનેડાને કોરોના રસી આપતા વડાપ્રધાન મોદીના ઠેર-ઠેર પોસ્ટર લાગ્યા

નવી દિલ્હી, તા. ૧૧

ભલે ખેડૂત આંદોલન દરમિયાન કેનેડામાંથી ભારતનો વિરોધ થયો પરંતુ બન્ને દેશો વચ્ચેની મિત્રતામાં કોઈ મોટો ફરક ના પડ્યો હોય તે સાબિત થઈ રહ્યું છે. એક તરફ ભારતે કોરોનાની રસી દુનિયાના બાકી દેશો સહિત કેનેડામાં પણ પહોંચાડી છે. હવે કેનેડામાં નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતું બોર્ડ લગાવવામાં આવ્યું છે. ગ્રેટર ટોરન્ટોમાં બિલબોર્ડ્સ લગાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો કેનેડાને વેક્સીન આપવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ પહેલા કાર રેલી કરીને પણ ભારતીય મૂળના કેનેડાના લોકોએ નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઈલેક્ટ્રિક બોર્ડ લગાવવામાં આવ્યું છે તેના પર લખવામાં આવ્યું છે કે, કેનેડાને કોવિડ રસી પૂરી પાડવા બદલ ભારત અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર. ભારત અને કેનેડાની મિત્રતા અમર રહે. આ બોર્ડ સરકાર દ્વારા નહીં પરંતુ કેનેડામાં રહેતા ભારતીયોના હિન્દુ ફોરમ દ્વારા લગાવવામાં આવ્યું છે.

ભારત તરફથી કેનેડાએ મેઈડ ઈન ઈન્ડિયા કોરોના રસીનું પહેલું ૫,૦૦,૦૦૦ એસ્ટ્રાઝેનેકાની કોવિશિલ્ડ રસીનું કન્સાઈન્મેન્ટ મેળવી લીધું છે. આ રસી પુણેમાં આવેલી સીરમ ઈન્સ્ટિટ્યુટ દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે. ભારત તરફથી હજુ વધુ ૧.૫ મિલિયન ડોઝ આગામી સમયમાં કેનેડા મોકલવામાં આવશે.

## વધતો પ્રકોપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૧૭૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્યમાં આજે પણ ૩૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૭૨૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૨૪ માંથી ૩, સે. ૨, ૪, ૫, ૮ અને ૨૭ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી કેસો મળતાં તંત્રમાં ચિંતા વધી છે. અમદાવાદની જેમ શહેરમાં પણ જે રીતે કેસો વધી રહ્યા છે તે જોતાં અમદાવાદ સાથે જોડાયેલા લોકો વધુ સંક્રમિત થઈ રહ્યા છે.

શહેરમાં આજે ૬૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જાહેર જનતાને દાનની નમ્ર અપીલ...
માનવતાની માવજત એજ ધર્મ
સમગ્ર ગુજરાતના અંધજન કુટુંબોને દર મહિને અનાજ, કરિયાણાનું દાન આપવા
આ અનાજ કરિયાણાની રાશનકીટ 500થી પણ વધારે અંધજન પરિવારને દર મહિનામાં એકવાર સંસ્થા દ્વારા ફ્રી માં આપવામાં આવે છે

| 1 કુટુંબ માટે | ₹1250 |
|---|---|

| 10 કુટુંબ માટે | 20 કુટુંબ માટે | 50 કુટુંબ માટે | 100 કુટુંબ માટે |
|---|---|---|---|
| ₹12500 | ₹25000 | ₹62500 | ₹125000 |

| ચા નાસ્તો | સાદુ ભોજન | મિષ્ઠાન ભોજન | 1 દિવસનો ભોજન ખર્ચ |
|---|---|---|---|
| ₹1500 | ₹3000 | ₹6000 | ₹10500 |

છાત્રાલયમાં રહેતા અંધજન ભાઈઓ-બહેનોને રહેવા-જમવાની સગવડ ફ્રી છે.
80-G મુજબ દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે.
To Pay Scan QR Code.
Bank Details for online Donation:
A/c. Name: Navjyot Andhjan Mandal
HDFC Bank, Saving A/c. No.: 50-1002-3940-6592
IFSC Code : HDFC0000299 • Branch : Paldi, Ahmedabad-07.
નવજયોત અંધજન મંડળ
ઓનલાઈન આપેલ દાનની રસીદ મેળવવા સંસ્થાનો સંપર્ક કરો:
મો.9726884422
www.navjyotandhjanmandal.org
ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ, અમદાવાદ-7

## લોકડાઉન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપ્યા છે કે છેલ્લા એક મહિનાથી રાજ્યમાં કેસો સતત વધી રહ્યા છે ત્યારે બીજા પણ કેટલાક વિસ્તારોમાં લોકડાઉન આવી શકે છે.

આજે કોરોનાની વેક્સિનનો પહેલો ડોઝ લીધા બાદ ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં બીજા પણ કેટલાક સ્થળો પર લોકડાઉન જાહેર કરવું પડે તેવી સ્થિતિ છે. તે અંગેનો નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે. નાગપુરમાં શહેર પોલીસ કમિશનર કચેરીના તાબા હેઠળ આવતા તમામ વિસ્તારોમાં લાગુ પડશે.

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં સોમવારથી રાત્રે આઠથી સવારે આઠ સુધી જનતા કરફ્યુ લાગુ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નાગપુરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.

૧૯મી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. લક્ષ્મીબા
૧૨-૩-૨૦૦૨
આપને વિદેહ થયાને આજે
૧૯ વર્ષ પૂર્ણ થઈ ગયા !
મન માનતું નથી; હૃદય સ્વીકારતું નથી !
આપ અમારી સાથે નથી તોય એવું
અનુભવાય છે કે તમે અમારી સાથે,
અમારી વચ્ચે અને અમારા હૃદયમાં છો.
આપને સ્મિતસભર ચહેરો અને મમતાસભર આંખો અમે કદી વીસરવાના નથી.
આશિષ
આપની મળતી હરપળે, ભાવના ભીતરની ફળતી હરપળે
રાજેશ પંચોલી
(સેક્ટર-૨૪, ગાંધીનગર)

આઝાદીના અમૃત મહોત્સવની શાનદાર ઉજવણી



આઝાદીનો અમૃત મહોત્સવ
૧૨ માર્ચ ૨૦૨૧ | સાબરમતી આશ્રમ, અમદાવાદ
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત છે
આઝાદીના અમૃત મહોત્સવની દેશવ્યાપી ઉજવણીનો વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે શુભારંભ
તારીખઃ ૧૨.૦૩.૨૦૨૧, સમયઃ સવારે ૯:૩૦ કલાકે
સ્થળઃ સાબરમતી આશ્રમ, અમદાવાદ
આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ગુજરાતમાં આયોજીત વિવિધ કાર્યક્રમો
૭૫ અઠવાડિયા સુધી અનેક કાર્યક્રમોથી આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરાશે
૧૨મી માર્ચે સાબરમતી આશ્રમથી પદયાત્રીઓ દાંડીકૂચ કરશે, ૫મી એપ્રિલે દાંડી પહોંચશે
અમદાવાદ, રાજકોટ, પોરબંદર, માંડવી, કચ્છ, બારડોલી, દાંડી જેવા ઐતિહાસિક સ્થળો ઉપરાંત રાજ્યનાં ૭૫ સ્થળોએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી
વિવિધ કાર્યક્રમોમાં પદાધિકારીઓ, અગ્રણીઓ, મંત્રીશ્રીઓ રહેશે ઉપસ્થિત
સમગ્ર રાજ્યમાં આઝાદીનું ગૌરવગાન કરાશે અને સ્વાતંત્ર્ય વીરોની શૌર્યગાથાઓને ઉજાગર કરાશે
ભવ્ય ભારતના નિર્માણ માટે યુવાનોને પ્રોત્સાહિત કરાશે
આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં આવો, આપણે સૌ સહભાગી બનીએ
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી
આવો, આ પર્વને ભારતના જન-જનનું, હર મનનું પર્વ બનાવીએ...